|| શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરિભ્યો નમઃ

# ચરમ તીર્થપતિ
# પ્રભુ મહાવીર

## (પર્વાધિરાજ પ્રવચન માલા)

**ચતુર્થ દિવસ ૪**

### સંપાદન

ગુણોદય મુક્તિ જય આશિષે
શાસન પ્રભાવિકા
પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સુશિષ્યા
**સા. જયદર્શિતાશ્રીજી**

### પ્રકાશન

**શ્રી શત્રુંજય એકેડેમી,
ચાલીસગામ**

: પ્રત :
૫૦૦

આગમ અભ્યાસી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની
# સંયમ શતાબ્દિ પ્રસંગે

પ્રકાશિત

સં.૨૦૮૦
ઈ.સ. ૨૦૨૪

પ્રકાશન તથા પ્રાપ્તિ સ્થાન
શ્રી શત્રુંજય એકેડેમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય
સ્ટેશન રોડ, ચાલીસગામ. જિ. જલગામ
પીન - ૪૨૪૧૦૧

મુદ્રક - અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# સાદર સમર્પણ

સિદ્ધાચલ સ્નેહિ... નવકાર મંત્રારાધિકા...
અપ્રમત સંયમી... વૈયાવચ્ચ પ્રેમી... આગમ અભ્યાસી...
પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના દીક્ષા શતાબ્દિ પ્રસંગે

## સાદર સમર્પણ

– સા. જયદર્શિતાશ્રીજી
સા. હિમાંશુશ્રીજી

# મંગલમય વાત

પર્વાધિરાજ પર્વ !

એક અમુલ્ય અવસર !

આઠ આઠ દિવસ, આઠ કર્મોને નબળા પાડવા માટે સાધના-આરાધનાની ધૂણી ધખાવવાનો મંગલમય સુઅવસર.

કદિ દેરાસર ન આવનાર દેરાસરમાં આવે. કદિ દર્શન-પૂજા ન કરનાર પ્રભુની ભક્તિ ભાવથી વ્યાખ્યાનાદિના શ્રવણથી જીવન ધન્ય બનાવે. કલ્પસૂત્રના શ્રવણથી પવિત્ર બને.

ઘણા સમયથી શ્રાવક વર્ગની માંગણી હતી કે પર્વાધિરાજ પર્વના પ્રવચનની પુસ્તિકા છપાય તો કલ્પસૂત્રના વાંચનથી વંચિત રહેતા સામાન્ય જીવો પણ કલ્પસૂત્રના સારને એ પ્રવચનોના માધ્યમથી જાણી શકે.

એકદા આ વાત મનને સ્પર્શી ગઇ અને પર્વાધિરાજના સાત દિવસના પ્રવચનોની સાત નાની પુસ્તિકાઓ છપાવી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. આજે આ સંકલ્પ સાકાર થયો. સાત દિવસની સાત પુસ્તિકાઓ પર્વાધિરાજ પ્રવચનમાળાના સાત પુષ્પો રૂપે તમારા સહુના હાથમાં આપતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સહુ એના પઠન, પાઠન, શ્રવણ, વાંચનથી આત્મ કલ્યાણ સાધે એ જ મંગળ પ્રાર્થના.

લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના...

પર્વાધિરાજ પ્રવચનમાળાના લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

– સા. જયદર્શિતાશ્રીજી

# ...તમે લાભ સવાયા લીધા...

## શ્રુત રત્ન સ્તંભ

★ મા. દેવકુંવરબાઈ ડૉ. મેઘજી વેલજી ધરમશી ગોરખડી
 હ. ડૉ. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા – તાડદેવ.

★ કુ. વિરતી સુનિલ ખોના (વાંકુ) જલગાંવ

## શ્રુત સૂવર્ણ સ્તંભ

* કુ. શ્રુતિ પ્રફુલ વશનજી ગાલા (કોટડી મહાદેવપુરી) મુલુંડ
* સૌ. શર્મિલા ગિરીષ મૈશેરી (નાની સિંધોડી) ભાંડુપ
* કુ. વિયાના ચિરાગ લોડાયા (બારોઈ) જલગામ
* શ્રી ભાઈલાલભાઈ લખમશી લાલન (કોડાય) ઘાટકોપર
* સ્વ. સુધીરભાઈ ચીમનલાલ મોતા (સુથરી) અહમદનગર
* શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ
* સૌ. ભાવનાબેન મનિષ લોડાયા (વારાપધ્ધર) ચાલીસગામ

સર્વ શ્રુત લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના

## શ્રુત રજત સ્તંભ

* સૌ. મીનલ દિનેશ કામાણી (પરજાઉ) ઈંદોર
* ચિ. ઝિહાન સ્નેહલ જીતેન શાહ (હાલાપર) માટુંગા
* મા. કસ્તુરીબેન જયકુમાર મોમાયા (સાંયરા) ધુલિયા
* સૌ. રેખાબેન લલિત મોમાયા (સાંયરા) ચાલીસગામ
  સૌ. નેહા રવિકાંત તિવારી, સૌ. નમ્રતા આશિષ અરોરા,
  ચિ. નાયસા, ચિ. નિવિક
* ચિ. લય તેજસ લાલકા (મુલુંડ) કુ. યશા,
  વેદા કીંશુક લાલકા (સેંધવા)
* અક્ષિતા નાગડા (ઘાટકોપર), જીનલ નાગડા (હુબલી),
  સાચી શાહ (યુ.એસ.એ.)

ભાદરવા સુદ ૧
ચતુર્થ દિવસ
(કલ્પધર)

# ચરમ તીર્થપતિ
# પ્રભુ મહાવીર





જન્મથી પહેલા જ ઈન્દ્રો જેમની સેવા કરે છે...
જન્મથી પહેલા જ માતા ચૌદ મહા સ્વપ્ન જુએ છે...
જન્મતાં જ છપ્પન્ન દિક્કુમારીકા જેમનું શુચિ કર્મ કરે છે...
ચોસઠ ઈન્દ્રો મળીને મેરુપર્વત ઉપર અભિષેક કરે છે...
અતુલ બળના... અનંત ગુણના સ્વામિ છે.
સ્વયં તરીને અનેકોને તારનારા છે...
મોહ અંધકારનો નાશ કરનારા છે...
સમ્યગ્ જ્ઞાનનો પ્રકાશ પાથરનારા છે...

**અમ જીવન આધાર એવા**
**ચરમ તીર્થપતિ, દેવાધિદેવ**
**પ્રભુ મહાવીર સ્વામિને**
**વંદના.. વંદના.. વંદના..**

# ચરમ તીર્થપતિ ચ્યવન કલ્યાણક

## (શ્રી કલ્પસૂત્ર વ્યાખ્યાન ૧-૨)

ૐ નમો અરિહંતાણં.
ૐ નમો સિદ્ધાણં.
ૐ નમો આયરિયાણં.
ૐ નમો ઉવજ્ઝાયાણં.
ૐ નમો લોએ સવ્વ સાહૂણં.
એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઈ મંગલં.

ૐ કાર પૂર્વક શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ.
ૐ કાર પૂર્વક શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ.
ૐ કાર પૂર્વક શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ.
ૐ કાર પૂર્વક શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ.
ૐ કાર પૂર્વક લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.
એ પાંચને કરેલો નમસ્કાર, સર્વ પાપનો નાશ કરનાર છે.
અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ છે.

તે કાળને વિષે અને તે સમયને વિષે શ્રમણ ભગવાન પ્રભુ મહાવીર સ્વામિના ગર્ભસંક્રમણાદિ પાંચ કલ્યાણક ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા છે. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં દેવલોકથી ચવ્યા. ઉત્તર ફાલ્ગુની નક્ષત્રમાં એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં સંક્રમ્યા. ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં જન્મ્યા. ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં દીક્ષા લીધી. ઉત્તરફાલ્ગુની નક્ષત્રમાં અનંત-અનુત્તર કેવળજ્ઞાન - કેવળદર્શન પામ્યા. અને સ્વાતિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ થયે છતે સર્વ કર્મોથી મુક્ત થયા એટલે મોક્ષને પામ્યા.

તે કાળને વિષે અને તે સમયને વિષે તપસ્યાવંત એવા ભગવાન શ્રી મહાવીર પ્રભુ આષાઢ સુદ ૬ ની રાત્રિએ સર્વ વિમાનોમાં અતિશ્રેષ્ઠ તથા શ્વેત કમળના સમાન શ્રેષ્ઠ એવા મહાવિજયવંત પુષ્પોત્તર નામના મહાવિમાનથી... વીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા વિમાનથી, દેવગતિનું આયુષ્ય પૂર્ણ થતાં... દેવગતિનામકર્મનો ક્ષય થતાં... વૈક્રિય શરીરને વિષે રહેવાનો કાળ પૂર્ણ થતાં... અંતર રહિત ચવ્યા... ચોથા આરાના પંચોત્તેર વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં એટલે દક્ષિણાર્ધ ભરતમાં, મધ્યખંડમાં, બ્રાહ્મણકુંડ નામના નગરમાં કોડાલસ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રવાળી દેવાનંદા નામની બ્રાહ્મણીના ઉદરને વિષે મધ્યરાત્રિમાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે ગર્ભપણે ઉત્પન્ન થયા.

ચોથા આરાના અંતમાં પ્રભુ માતાની કુક્ષિમાં ઉત્પન્ન થયા એના અનુસંધાનમાં અહિં કાળચક્રનું સ્વરૂપ કહેવાય છે.

# કાળચક્ર

અનાદિ કાળથી કાળનું ચક્ર ચાલ્યા જ કરે છે... અનંત કાળ સુધી એ ચાલુ જ રહેવાનું છે. એક કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમનું છે. કાળચક્રના બે વિભાગ છે - (૧) અવસર્પિણી કાળ (૨) ઉત્સર્પિણી કાળ.

જે કાળમાં સમયે સમયે વસ્તુની હાની થાય તે **અવસર્પિણી** કહેવાય.

જે કાળમાં સમયે સમયે વસ્તુની વૃદ્ધિ થાય તે **ઉત્સર્પિણી** કહેવાય.

એક અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં ૬-૬ આરા હોય છે તેથી કુલ એક કાળચક્રમાં ૧૨ આરા હોય છે. વર્તમાનમાં અવસર્પિણી કાળ ચાલતો હોવાથી એની અપેક્ષાએ છ આરાનું વર્ણન જાણીએ.

(૧) **સુષમસુષમ** - આ પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો છે. આ આરાના યુગલિયા મનુષ્યનું ત્રણ પલ્યોપમનું આયુષ્ય, ત્રણ ગાઉનું શરીરમાન, અને બસો છપ્પન પાંસળીઓ હોય છે.. ત્રીજે દિવસે તુવેરની દાળ જેટલો આહાર કરે છે. દસ જાતિના કલ્પવૃક્ષ એમને ઈચ્છિત આપે છે. અંતે પુત્ર-પુત્રીરૂપ યુગલને જન્મ આપી, ૪૯ દિવસ એમનું પાલન કરી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે. તેમના શરીરને ભારંડ પક્ષીઓ સમુદ્રમાં નાંખે છે.

(૨) **સુષમ** - આ બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળો છે. આ આરાના યુગલિયા

મનુષ્યનું અને તિર્યંચનું આયુષ્ય બે પલ્યોપમનું, બે ગાઉનું શરીરમાન, અને ૧૨૮ પાસળીઓ હોય છે. બીજે દિવસે બોર પ્રમાણ આહાર કરે છે. છેવટે એક યુગલને જન્મ આપી ચોસઠ દિવસ પાલના કરી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે.

**(૩) સુષમ દુઃષમ** - આ ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમના પ્રમાણવાળો છે. આ આરાના યુગલિયા મનુષ્યનું એક પલ્યોપમનું આયુષ્ય, એક ગાઉનું શરીરમાન, અને ચોસઠ પાસળીઓ હોય છે. એકાંતરે આવળા પ્રમાણ આહાર કરે છે. છેવટે એક યુગલને જન્મ આપી ઓગણએંસી દિવસ પાલન કરી મૃત્યુ પામી દેવલોકમાં જાય છે.

**(૪) દુઃષમ સુષમ** - બેંતાલીસ હજાર વર્ષ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમના ચોથા આરાના મનુષ્ય અને તિર્યંચનું એક પૂર્વ ક્રોડ વર્ષનું આયુષ્ય અને પાંચસો ધનુષ્ય પ્રમાણ શરીર હોય છે. આ આરામાં યુગલિયા હોતા નથી. તે સમયના મનુષ્યો પોતાની રૂચિ પ્રમાણે જેટલું જોઈએ તેટલું ભોજન કરે છે અને મૃત્યુ પામીને પાંચે ગતિમાં જઈ શકે છે. આ આરામાં છ સંઘયણ અને છ સંસ્થાન હોય છે.

**(૫) દુઃષમ** - એકવીસ હજાર વર્ષ પ્રમાણવાળા હમણાં ચાલતાં પાંચમા આરામાં મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એકસો વીસ વર્ષનું અને શરીર પ્રમાણ સાત હાથનું હોય છે. આ આરાના મનુષ્યો કર્માનુસાર ચારે ગતિમાં જાય છે. કોઈ જીવ મોક્ષમાં જાય નહિં.

**(૬) દુઃષમદુઃષમ** - એકવીસ હજાર વર્ષના છઠ્ઠા આરાના મનુષ્યનું આયુષ્ય સોળ વર્ષનું અને શરીર

પ્રમાણ એક હાથનું હોય છે. ગંગા નદીના કોટરમાં બિલને વિષે નિવાસ કરનારા તેમજ મચ્છનો આહાર કરનારા તે આરાના મનુષ્ય મહાક્રોધી હોવાથી કુકર્મથી મરીને દુર્ગતિએ જાય છે. તે આરાના મનુષ્યને આઠ વર્ષે સંતાન પ્રાપ્ત થાય છે.

એવી રીતે છ આરા પડતા અને છ આરા ચડતા મળી બાર આરાના વીશ કોડાકોડી સાગરોપમ થાય ત્યારે એક કાલચક્ર થાય. એવા અનંતા કાલચક્ર જીવના ધર્મવિના ચાલ્યા ગયા છે.

ચોથા આરાનો ઘણો સમય વીતી ગયો અને ફકત પંચોતેર વર્ષ અને સાડાઆઠ મહિના બાકી હતા ત્યારે તપસ્વી એવા ભગવાન શ્રી મહાવીર પ્રભુ બ્રાહ્મણકુંડ નામના નગરમાં... કોડાલસ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રવાળી દેવાનંદા નામની બ્રાહ્મણી સ્ત્રીના ઉદરને વિષે મધ્યરાત્રીમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયા છતાં... દિવ્ય આહારના ત્યાગથી... દિવ્ય ભવના ત્યાગથી અને દિવ્ય શરીરના ત્યાગથી ગર્ભપણે ઉત્પન્ન થયા.

દેવનું આયુષ્ય છ માસ બાકી રહે છે ત્યારે તેઓની માળા કરમાય છે... કલ્પવૃક્ષ કંપે છે... લક્ષ્મી તથા લજ્જાનો નાશ થાય છે.. વસ્ત્રો રંગરહિત થાય છે... દીનપણું આવે છે... તંદ્રા થાય છે... કામરાગ તથા શરીરનો ભંગ થાય છે... આંખોમાં ભ્રમણ થાય છે... શરીરે ધ્રુજારી થાય છે... અરતિ પણ થાય છે... આવા રીતના ભાવો થાય છે પરંતુ તીર્થંકરના જીવવાળા દેવો પુણ્યના અતિશયપણાથી આવા ભાવોને અનુભવતા નથી.

પ્રભુ દેવલોકમાં હતા ત્યારે અવધિજ્ઞાનના કારણે 'હું ચ્યવીશ' એમ જાણે છે તેમજ અવધિજ્ઞાન સહિત માતાની કુક્ષિમાં ઉત્પન્ન થાય છે તેથી 'હું દેવલોકથી ચવ્યો છું' એમ જાણે છે. પરંતુ ચ્યવવાનો કાળ એક સમયનો હોવાથી હું ચ્યવી રહ્યો છું' એમ જાણતાં નથી કારણ **છદ્મસ્થનો જઘન્ય જ્ઞાનોપયોગ અંતમૂહૂર્તનો છે.** જે રાત્રિએ પ્રભુ દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયા તે રાત્રિએ નહિં અતિ સુતી... નહિં અતિ જાગતી એવી દેવાનંદા પ્રશંસવા યોગ્ય, શુભ સમૃદ્ધિના હેતુપણાથી કલ્યાણકારી, ઉપદ્રવને શમાવનારા, ધનને લાવનારા, દુરિતોને શમાવવાથી મંગલ કરનારા, શોભાવાળા ચૌદ મહાસ્વપ્નોને જોઈને જાગી જાય છે. ચૌદસ્વપ્ન આ પ્રમાણે છે - (૧) સિંહ (૨) ગજ (૩) ઋષભ (૪) લક્ષ્મીદેવી (૫) બે પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કળશ (૧૦) પદ્મ સરોવર (૧૧) ક્ષીર સમુદ્ર (૧૨) દેવવિમાન (૧૩) રત્નનો રાશિ (૧૪) નિર્ધૂમ અગ્નિ.

ચૌદ મહાસ્વપ્નો જોઈને અત્યંત હર્ષ પામી, સંતોષ પામી, મનથી આનંદ પામી, હર્ષના વશથી પ્રફુલ્લિત હૃદયવાળી, વિકસ્વર થયા છે રોમ-રોમ જેના એવી તે દેવાનંદા બ્રાહ્મણી પોતાની શય્યાથી ઉઠે છે ઉઠીને ઉતાવળ વિના, શરીરની ચપળતા વિના, ભ્રાંતિ વિના, વિલંબરહિત, અવિછિન્ન અને રાજહંસ જેવી ગતિથી જ્યાં ઋષભદત્ત બ્રાહ્મણ છે ત્યાં આવે છે. (ગતિની વાત જણાવી ચાલવાની ક્રિયા ગૃહસ્થે પણ કેવી રીતે શાંતિ અને જયણાપૂર્વક કરવી જોઈએ તે જણાવ્યું છે. હવે પત્ની પતિનો કેવો વિનય જાળવે અને શુભભાવ પૂર્વક પોતાની વાત જણાવે છે તે આપણને શિખવાડે છે.)

દેવાનંદા બ્રાહ્મણી ઋષભદત્ત બ્રાહ્મણને જય અને વિજયના મધુર શબ્દોથી વધાવે છે. સ્વદેશમાં જય અને પરદેશમાં વિજય થાઓ એવા શુભ ભાવ વ્યક્ત કરીને યોગ્ય સ્થાને બેસીને બે હથેળીના દશ નખો એકઠા કરી... મસ્તક પર ભમાવીને બીડાયેલા કમલ સરખા અંજલિસંપુટને મસ્તક ઉપર ધારણ કરીને કહે છે –

''હે દેવાનુપ્રિય સ્વામિન્ ! આજે અર્ધ નિદ્રા અવસ્થામાં હું ચૌદ મહાસ્વપ્નો જોઈને જાગી છું. ચૌદ મહાસ્વપ્ન જણાવીને એનું શું કલ્યાણકારી ફળ તથા વૃત્તિવિશેષ થશે ?''

ફળ એટલે પુત્રાદિકની પ્રાપ્તિ અને વૃત્તિ વિશેષ એટલે આજીવિકા સંબંધી પ્રાપ્તિ. દેવાનંદા પાસેથી ચૌદ મહાસ્વપ્નની વાત જાણીને ઋષભદત્ત બ્રાહ્મણ અત્યંત હર્ષિત થયા. ચૌદ મહાસ્વપ્નને હૃદયમાં ધારણ કરીને એ સંબંધિ વિચારણા કરીને તેના અર્થનો નિશ્ચય કરીને દેવાનંદાને આ પ્રમાણે કહે છે –

'હે દેવાનુપ્રિયે ! તમે આનંદકારી... મંગલકારી... કલ્યાણકારી... શુભને સુચવનારા સ્વપ્ન જોયા છે. તેથી હે દેવાનુપ્રિયે! તમોને ધનનો, ભોગનો, પુત્રનો અને સુખનો લાભ થશે. નિશ્ચે તું નવમાસ અને સાડી સાત અહોરાત્રી પૂર્ણ થતાં સૌંદર્યવાન – ગુણવાન પુત્રને જન્મ આપીશ. સુકોમલ હાથપગવાળા પાંચ ઇન્દ્રિયથી પરિપૂર્ણ, લક્ષણયુક્ત પુત્રને જન્મ આપીશ.''

તીર્થંકર અને ચક્રવર્તીને એક હજાર આઠ લક્ષણ હોય છે. વાસુદેવ–બળદેવને એકસો આઠ લક્ષણ હોય છે. બીજા મહાન ભાગ્યશાળી વ્યક્તિઓને બત્રીસ લક્ષણ હોય છે. આ બત્રીસ લક્ષણ નીચે મુજબ છે.

(૧) છત્ર (૨) કમળ (૩) ધનુષ્ય (૪) રથ (૫) વજ્ર (૬) કાચબો (૭) અંકુશ (૮) વાવ (૯)

સ્વસ્તિક (૧૦) તોરણ (૧૧) સરોવર (૧૨) સિંહ (૧૩) વૃક્ષ (૧૪) ચક્ર (૧૫) શંખ (૧૬) હાથી (૧૭) સમુદ્ર (૧૮) કલશ (૧૯) મહેલ (૨૦) મત્સ્ય (૨૧) જવ (૨૨) યજ્ઞનો થાંભલો (૨૩) સ્તુપ (૨૪) કમંડલ (૨૫) પર્વત (૨૬) ચામર (૨૭) દર્પણ (૨૮) બળદ (૨૯) ધ્વજા (૩૦) લક્ષ્મીનો અભિષેક (૩૧) ઉત્તમ પુષ્પમાલા અને (૩૨) મોર. (આપણા શરીર ઉપર તપાસીએ કેટલા લક્ષણ છે ?)

બીજી રીતે પણ બત્રીસ લક્ષણ કહેવાય છે –

જેના નખ, પગ, હાથ, જીભ, હોઠ, તાલુ અને આંખોના ખૂણા એ સાત રાતા (લાલ) હોય છે તે પુરુષ ભાગ્યશાળી જાણવો, તે સાત અંગવાળી લક્ષ્મીને ભોગવે છે.

જેની કાંખ, છાતી, ગર્દન, નખ, નાક અને મુખ એ છ ઉંચા હોય તો તે મનુષ્ય સર્વ પ્રકારે ઉન્નતિવાળો થાય છે.

દાંત, ચામડી, કેશ, આંગળીઓના પર્વ અને નખ એ પાંચ જેના પાતળા સૂક્ષ્મ હોય તે મનુષ્ય ઘણો ધનવાન થાય છે.

નેત્ર, સ્તનનું અંતર, નાક, ગળાનો મણિયો અને ભૂજાઓ એ પાંચ જેના લાંબા હોય તેનું આયુષ્ય લાંબુ હોય, ઘણું ધન પામે અને પરાક્રમી થાય.

લલાટ, છાતી અને મુખ જેના એ ત્રણ પહોળા હોય તે રાજા થાય.

ગરદન, સાથળ અને પુરુષ ચિહ્ન એ ત્રણ નાના હોય તે રાજા થાય.

સ્વર–નાભિ અને સત્વ એ ત્રણ જેના ગંભીર હોય તે પૃથ્વીનો સ્વામિ થાય અથવા પ્રધાન થાય. એ બીજી રીતે બત્રીસ લક્ષણ કહ્યા.

જે પુરુષમાં જેવા લક્ષણો હોય તે પુરુષનો તેવો આચાર પણ હોય, માણસમાં જેવું રૂપ હોય પ્રાયેઃ તેવી સંપત્તિ હોય, જેવો સ્વભાવ હોય તેવા ગુણ પણ પ્રાયેઃ હોય.

હવે અન્ય લક્ષણોની વાત જણાવે છે.

પદ્મ, વજ્ર, અંકુશ, છત્ર, શંખ અને મત્સ્ય જેના પગમાં હોય તે લક્ષ્મીપતિ થાય. જેના નખ ચીકણા, તાંબાના જેવા વર્ણવાળા હોય તે સુખી થાય.

હવે તમારા **દાંત તપાસો અને ગણો.**

જેના ચળકતા, ઉજ્વળ, ચીકણા, પરસ્પર મળેલા એવા બત્રીસ દાંત હોય તો રાજા થાય... જેના એકત્રીસ દાંત હોય તે ભોગી થાય... જેના ત્રીસ દાંત હોય તે મધ્યમ સ્થિતિનો થાય... જેના ત્રીસથી પણ ઓછા દાંત હોય તે સામાન્ય કોટીનો થાય છે.

જે પુરુષ અત્યંત ઠીંગણો, અત્યંત લાંબો, અત્યંત જાડો, અત્યંત દુબળો, અત્યંત કાળો, અત્યંત ગૌરવર્ણવાળો એ છ પુરુષો સત્વશાળી હોય છે.

માણસોને જમણી બાજુ જમણા આવર્ત્તો હોય તો તે શુભ સૂચવનારા છે... ડાબી બાજુ ડાબા આવર્તો હોય તો તે અતિ અશુભ સૂચવનારા છે. જમણી બાજુ ડાબા આવર્ત અને ડાબી બાજુ જમણા આવર્ત હોય તે

મધ્યમ ફળ સૂચવનારા છે.

## હથેળી નિહાળીયે...

જેમના હાથનું તળિયું લાલ હોય તે ધનવાન હોય... લીલું હોય તો દારુડિયો હોય... પીળું હોય તે પરસ્ત્રી લંપટ હોય, અને કાળું મલિન હોય તે નિર્ધન હોય. જેના હાથનું તળિયું ઊંચું હોય તે દાતાર હોય, ઊંડુ હોય તે નિર્ધન હોય... વાટકા જેવું ગોળ તથા ઊંડુ હોય તે ધનવંત હોય.

હાથની આંગળીઓ પાતળી અને સીધી હોય તો સારી જાણવી.

આયુષ્ય રેખાના પલ્લવો (નાની રેખાઓ) જો આયુષ્ય રેખાની સન્મુખ નીકળે તો તે સંપત્તિને સૂચવનારા છે. એ જો આંગળીઓ તરફ નિકળે તો વિપત્તિને સૂચવનારા છે.

## મણિબંધથી નિકળતી રેખા તપાસીએ

* જેને મણિબંધથી ઉર્ધ્વરેખા નિકળીને અંગુઠાની સન્મુખ આવે તો તેને સુખનો, ધનનો અને રાજ્યનો લાભ થાય.

* એ રેખા જો તર્જની સન્મુખ આવે તો રાજા થાય અથવા રાજા સમાન થાય.

* એ રેખા જો મધ્યમા સન્મુખ આવે તો આચાર્ય અથવા સેનાપતિ થાય.

* એ રેખા જો અનામિકા સન્મુખ આવે તો ઘણા ધનવાળો સાર્થવાહ થાય.

* એ રેખા કનિષ્ઠા સન્મુખ જાય તો લોકમાં પ્રતિષ્ઠા પામે.

## દેહનું નિરીક્ષણ - પરીક્ષણ

જેની છાતી વિશાલ હોય તે ધન-ધાન્યનો ભોગી થાય...

જેનું મસ્તક વિશાલ હોય તે ઉત્તમ રાજા થાય...

જેની કમર વિશાલ હોય તેને ઘણા પુત્ર અને સ્ત્રીઓ હોય...

જેના પગ વિશાલ હોય તે હમેંશા સુખી હોય...

## રેખા, આંખ, નખ

જેના હાથમાં એકપણ રેખા ન હોય અથવા ઘણી રેખાઓ હોય તે પુરુષનું આયુષ્ય અલ્પ હોય તે નિર્ધન અને દુ:ખી હોય.

જેની અનામિકા આંગળીના વેઢાથી કનિષ્ઠિકા આંગળી કંઈક ઉંચી હોય તે પુરુષ ધનવાન થાય છે... તેનો માતાનો પક્ષ વિશાળ હોય છે.

જેના મણિબંધથી પિતૃની રેખા, કરભથી દ્રવ્યરેખા અને આયુષ્યની રેખા પુરી હોય છે તે પુરુષનું ગોત્ર, ધન અને આયુષ્ય સંપૂર્ણ હોય છે. અથવા આયુષ્યની રેખા જેટલી આંગળીઓને ઉલ્લંઘે તેટલી પચ્ચીશી આયુષ્યના વર્ષની જાણવી.

જેના અંગુઠાના મધ્યભાગમાં જવ હોય તે પુરુષ વિદ્યાવંત અને યશસ્વી હોય છે.

જેની આંખો લાલ હોય તેનું પડખું સ્ત્રી છોડે નહીં.

જેની આંખો પીળી હોય તેને ધન છોડે નહીં.

જેની ભુજાઓ લાંબી હોય તેને ઐશ્વર્ય છોડે નહીં.

જેના હાથપગમાં છત્ર-કમલ-અંકુશ-શંખ-મત્સ્ય વિગેરે હોય તે મોટા લક્ષણવાળો હોય છે.

જેના નખ રાતા હોય તેને ધનસુખ ઘણું હોય...

જેના નખ શ્વેત હોય તે ભિક્ષુક હોય...

જેના નખ લુખા હોય તે અનાચારી હોય છે.

શરીરમાં મુખ પ્રધાન છે... મુખમાં પણ નાક પ્રધાન છે... નાકથી પણ નેત્ર શ્રેષ્ઠ છે. તેથી જેનાં જેવા નેત્ર હોય તેવો તેનો આચાર હોય છે. જેનું જેવું નાક હોય તેવું તેનું સજ્જનપણું હોય છે... જેવું રૂપ હોય તેવું ધન હોય... જેવું શીલ હોય તેવા ગુણ હોય છે... વિગેરે લક્ષણો જાણવા. લક્ષણો પુરુષના જમણા ભાગમાં અને સ્ત્રીઓના ડાબા ભાગમાં સારા હોય તે સારું ફળ આપનારા જાણવા. સારા કે ખરાબ જે લક્ષણો બળવાન હોય તેનું ફળ મળે છે.

વ્યંજન જન્મ્યા પછી શરીરમાં પ્રગટ થાય છે. તે તલ, મસા અને લસણરુપ જાણવા. સ્ત્રીઓને ડાબી બાજુ, પુરુષોને જમણી બાજુ શુભ ફળ આપનારા છે. સૌભાગ્યતા, ઔદાર્યતા, ધીરતા વિગેરે ગુણો જાણવા.

'હે દેવાનંદા ! આવા શ્રેષ્ઠ લક્ષણ - વ્યંજન અને ગુણોવાળા પુત્રને તું જન્મ આપીશ... માન અને ઉન્માન પ્રમાણયુક્ત સુંદર પુત્રને તું જન્મ આપીશ.''

માન એટલે પુરુષ પ્રમાણ જળથી ભરેલા કુંડીમાં પચ્ચીસ વર્ષનો પુરુષ બેસે ત્યારે દ્રોણ પ્રમાણ જળ બહાર નિકળી જાય તો તે પુરુષ માનોપેત પ્રમાણયુક્ત જાણવો. તેમજ છ સરસવનો એક જવ, ત્રણ જવની એક ચણોઠી, ત્રણ ચણોઠીનો એક વાલ, સોળ વાલનો એક ગદિયાણો, દસ ગદિયાણાનો એક પલ,દોઢસો પલનો એક મણ, દસ મણની એક ઘડી અને દસ ઘડીનો એક ભાર થાય એવા અર્ધા ભારથી જે માણસ તોલાય તે પુરુષ ઉન્માનોપેત જાણવો.

તમે તમારી ઉંચાઇ ફુટમાં કે ઇંચમાં માપી છે પરંતુ ક્યારેય એને પોતાના અંગુલથી માપી છે ? આજે જરૂર માપી જોજો.

જે પુરુષનું શરીર પોતાની ૧૦૮ આંગળનું હોય તે ઉત્તમ પુરુષ જાણવો. તેમાં બાર અંગુલનું મુખ હોય, બાકીનું શરીર છન્નું આંગળનું હોય એમ સમજવું. જેનું શરીર ૯૬ અંગુલ પ્રમાણ હોય તે પુરુષ મધ્યમ જાણવો. તથા જેનું શરીર ૮૪ અંગુલ પ્રમાણ હોય તે હીન પુરુષ જાણવો.

તીર્થંકર પરમાત્માનું શરીર પોતાના અંગુલ પ્રમાણે ૧૨૦ અંગુલનું હોય છે. કારણ કે તેમના મસ્તક ઉપર ૧૨ આંગળની શિખા હોય છે.

હે દેવાનંદા ! તું સર્વ રીતે સુંદર, સૌમ્ય, ચંદ્ર જેવી કાન્તિવાળા શ્લાઘનીય, પ્રિયદર્શનવાળા દેવકુમાર જેવા શ્રેષ્ઠ પુત્રને જન્મ આપીશ. એ તારો પુત્ર આઠ વરસનો થશે ત્યારે ત્રણે કાળનું જ્ઞાન એને પરિણમશે. યુવાવસ્થાને પામશે ત્યારે ચાર વેદ, ઇતિહાસ પુરાણ તથા નિઘંટુ શબ્દકોશનો પારગામી થશે. છ અંગનો જ્ઞાતા,

ષષ્ટિતંત્રમાં વિશારદ થશે. સાંખ્ય, ગણિત, આચાર શાસ્ત્રોમાં નિપુણ થશે. વ્યાકરણ, કાવ્ય, ન્યાય છંદ, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર તથા બીજા અનેક બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી શાસ્ત્રોમાં અતિ નિપુણ થશે.''

તેથી હે દેવાનુપ્રિયે દેવાનંદા ! તે ઉત્તમ, કલ્યાણકારી, આરોગ્યકારી, દીર્ઘઆયુષ્યકારી મંગલકારી એવાં મહાન સ્વપ્નો જોયા છે એમ કહી ઋષભદત્ત બ્રાહ્મણ વારંવાર તેની અનુમોદના કરે છે.

દેવાનંદા સ્વપ્નોના અર્થને સાંભળી અત્યંત હર્ષિત થયેલ છે. દશ નખ એકઠા થાય એ રીતે આવર્ત કરી અંજલિ જોડીને ઋષભદત્ત બ્રાહ્મણને આ પ્રમાણે કહેવા લાગી - ''હે દેવાનુપ્રિય સ્વામિન્ ! આપે જે સ્વપ્નાઓનો અર્થ કહ્યો તે તેમજ છે... સર્વથા સત્ય છે.. સંદેહ રહિત છે... તેજ ઇચ્છિત છે... પ્રતીચ્છિત છે.'' એવી રીતે સ્વપ્નના અર્થનો સ્વીકાર કરી તે દેવાનંદા ઋષભદત્ત બ્રાહ્મણ સાથે મનુષ્ય સંબંધી ઉત્તમ ભોગોને ભોગવી રહી છે.

ચાલો ! હવે આપણે દેવલોકની સફરે જઇએ.

સ્વર્ગનગરી દિવ્ય તેજના ઝાકમઝાળથી શોભી રહી છે. દેવોની સભામાં ઇન્દ્ર મહારાજા સિંહાસન ઉપર શોભી રહ્યા છે... શક્ર નામના સિંહાસન ઉપર બિરાજમાન છે. હાથમાં વજ્રને ધારણ કરનારા છે... અસુરોના પુરોનો એટલે નગરીઓનો નાશ કરનારા હોવાથી પુરંદર નામથી પ્રસિદ્ધ છે. કાર્તિક શેઠના ભવમાં પાંચમી પ્રતિમા સો વખત વહન કરવાના કારણે શતક્રતુના નામે પણ ઓળખાય છે.

❈ ❈ ❈

# કાર્તિક શેઠ - શતક્રતુ

પૃથ્વીભૂષણ નામે નગરી છે... પ્રજાપાલ રાજા રાજ્ય કરે છે...

ત્યાં કાર્તિક નામના શેઠ વસે છે... દેવ-ગુરુ ધર્મના પરમ આરાધક છે.

શ્રાવકની ૧૨ પડિમા વહન કરતાં એમણે પાંચમી પડિમા સો વાર વહન કરી હતી. તેથી તે શતક્રતુ કહેવાયો.

એકદા પૃથ્વીભૂષણ નગરમાં ગૈરિક તાપસ આવ્યો. તે પંચાગ્નિ તપ કરીને પારણું કરતો હતો. ગામમાં સમાચાર ફેલાતાં નગરજનો સારી સંખ્યામાં દર્શન-વંદન કરવા આવવા લાગ્યા. બધા આવ્યા પણ શુદ્ધ સમકિત ધારી કાર્તિક શેઠ ન આવ્યા. તેથી તે તાપસ ત્યાંથી જવા લાગ્યો. ત્યાં તાપસના વંદનાર્થે રાજા સ્વયં પધાર્યા. રાજા વંદન કરી યોગ્ય સ્થાને બેઠા. તાપસે રાજાને હિતોપદેશ આપ્યો. રાજાએ તાપસને પારણું કરવા રાજમહેલમાં પધારવાનું આમંત્રણ આપ્યું. તાપસે રાજાને કહ્યું જો કાર્તિક શેઠ મને પીરસે તો હું પારણું કરવા આવું. રાજાએ વાત માન્ય કરી.

પારણાના દિવસે ગૈરિક તાપસ પારણા માટે રાજમહેલમાં આવ્યા. રાજાએ કાર્તિક શેઠને બોલાવ્યા. ગૈરિક તાપસને પીરસવા કહ્યું. કાર્તિક શેઠ પીરસવા જાય છે ત્યાં તાપસ નાક ઉપર આંગળી ઘસીને જાણે કહે છે - 'કેવું નાક કપાવ્યું.' આ પ્રસંગની કાર્તિક શેઠ ઉપર ઉંડી અસર થઇ. તેઓ વિચારવા લાગ્યા - 'જો મેં પહેલાં જ

દીક્ષા લઇ લીધી હોત તો તાપસ આવું અપમાન-તિરસ્કાર કરી શકત નહિં.

હવે કાર્તિક શેઠે એક હજારને આઠ વણિક પુત્રો સાથે દેવાધિદેવ મુનિસુવ્રત સ્વામિ પાસે દીક્ષા લીધી. બાર અંગ ભણ્યા... બાર વરસ સુધી ચારિત્રનું પાલન કર્યું અંતે અણસણ આરાધીને આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થયા. ગૈરિક તાપસનો જીવ ઇન્દ્રનો ઐરાવણ હાથી બની શકે એવો દેવ થયો. હાથીએ જ્યારે જાણ્યું કે ઇન્દ્ર તે કાર્તિક શેઠનો જીવ છે તો તે દોડવા લાગ્યો. ઇન્દ્ર એને વશ કરી એના ઉપર ચઢીને બેઠા. હાથીએ બે રુપ કર્યા ઇન્દ્રે પણ બે રૂપ કર્યા... હાથીએ ચાર રૂપ કર્યા તો ઇન્દ્રે પણ ચાર રુપ કર્યા. ઇન્દ્રે જ્ઞાનનો ઉપયોગ આપ્યો તો એને ખ્યાલ આવ્યો કે આ ગૈરિક તાપસનો જીવ છે. પછી ઇન્દ્રે તેનો તિરસ્કાર કરતાં હાથીએ લાચાર થઇ પોતાનું મૂળ રૂપ ધારણ કર્યું.

**ઇન્દ્રના અન્ય નામો...**

* ઇન્દ્રના ૫૦૦ દેવ મુખ્ય-પ્રધાન છે. તેમની હજાર આંખો ઇન્દ્રનું જ કાર્ય કરતી હોવાથી ઇન્દ્ર હજાર આંખોવાળો એટલે **સહસ્રાક્ષ** કહેવાય છે.
* ઇન્દ્રને મોટા મોટા મેઘો વશ હોવાથી તે **મઘવાન** કહેવાય છે.
* પાક નામના રાક્ષસને શિક્ષા કરનાર હોવાથી **પાક-શાસન** કહેવાય છે.
* દક્ષિણ બાજુના અર્ધા લોકનો અધિપતિ હોવાથી **દક્ષિણ - લોકાધિપતિ** કહેવાય છે.
* દેવતાઓનો સ્વામિ હોવાથી **દેવેન્દ્ર** કહેવાય છે.

રજરહિત વસ્ત્ર ધારણ કરનાર, મુગટ-માળા સહિત, મહા બળવાન, મહાસમૃદ્ધિવાન, મહાકાંતિવાન, મહાયશસ્વી, મહામહિમાવંત, એવા ઈન્દ્ર મહારાજા સૌધર્મ દેવલોકમાં... સૌધર્મા વતંસક નામના વિમાનમાં... સુધર્મા નામની સભામાં શક્ર નામના સિંહાસન ઉપર બિરાજમાન છે.

ઈન્દ્ર મહારાજાની સભામાં અત્યંત આનંદ અને પ્રસન્નતાનું વાતાવરણ છે. સર્વત્ર વિવિધ પ્રકારના રત્નોના ચંદરવાદિથી સુશોભિત હતી. પાંચ વર્ણના પુષ્પો વિખરાયેલા હતા. સુગંધી પદાર્થોથી વાતાવરણ અત્યંત સુગંધી બનેલું હતું. મોટા સ્વરવાળા નાટકો ચાલુ હતા. અખંડ ગીત-ગાન ચાલુ હતા. ગીત-ગાન સાથે વીણા-હસ્તતાલ-ત્રુટિત આદિ વાજીંત્રો વાગી રહ્યા હતા. ઉત્તમ પ્રકારના વાજિંત્રના શબ્દોથી દેવલોકનું વાતાવરણ આનંદ ઉપજાવતું હતું. અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. આવા ભવ્ય-દિવ્ય વિષયોને અનુભવતા ઈન્દ્ર મહારાજા દેવસભામાં બેઠા બેઠા જંબૂદ્વીપને નિહાળી રહ્યા છે. એવું તે જંબૂદ્વીપમાં શું છે ? ઈન્દ્ર મહારાજાની સભામાં નથી પણ જંબૂદ્વીપમાં છે ?

જંબૂદ્વીપમાં તીર્થંકર છે... તીર્થો છે... કેવળજ્ઞાનીઓ છે...તપસ્વીઓ છે... સાધુ-સાધ્વીજી ભગવંતો છે... ચતુર્વિધ સંઘો છે. આવું કશું જ ઈન્દ્રસભામાં નથી... દેવલોકમાં નથી.

જંબૂદ્વીપને નિહાળતી ઈન્દ્ર મહારાજાની દૃષ્ટિ અચાનક સ્થિર બની. મનમાં અનેરો આનંદ વ્યાપી ગયો. જંબૂદ્વીપના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ ગામમાં કોડાલસ ગોત્રવાળા ઋષભદત્ત બ્રાહ્મણની જાલંધર ગોત્રવાળી દેવાનંદા બ્રાહ્મણીના કુક્ષીમાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવને ગર્ભપણે ઉત્પન્ન થયેલા જુએ છે.

ચરમ તીર્થપતિ મહાવીર પ્રભુને જોઈને હર્ષિત થયા... સંતુષ્ટ થયા... ચિત્તમાં આનંદિત થયા... મનમાં પ્રસન્ન થયા... રોમે રોમે આનંદ વ્યાપી ગયો. પ્રભુને ગર્ભને વિષે આવેલા જોઈ પ્રભુદર્શનથી આનંદવિભોર બની ગયા. ઈન્દ્ર મહારાજા બહુમાન પૂર્વક પોતાના સિંહાસનથી ઉઠે છે. પાદપીઠ પર પગ મૂકીને નીચે ઉતરે છે. નીચે ઉતરીને વૈડુર્ય, અંજનાદિ રત્નોથી અને ચંદ્રકાન્તાદિ મણિઓથી નિષ્ણાત કારીગરો દ્વારા બનાવેલી પાદુકાને ઉતારે છે. સાત-આઠ પગલા પરમાત્માની સન્મુખ જાય છે. એક સાડિ ઉત્તરાસંગ કરી અંજલીપૂર્વક ડાબો ઢીંચણ ઉંચો કરે છે... જમીનને સ્પર્શ્યા વિના ઉભો રાખે છે તથા જમણા ઢીંચણને જમીન પર સ્થાપે છે. પોતાનું મસ્તક ત્રણ વખત ભૂમિ પર અડાડીને ઊંચો થાય છે... કેડથી ઉપરના અર્ધા શરીરથી ઉંચો થાય છે. પછી બન્ને ભુજાઓને વાળીને બન્ને હાથની દશ આંગળીઓ સાથે મેળવીને અંજલી કરી મસ્તક પર ભમાડીને ઈન્દ્ર મહારાજા અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરવા નમોત્થુણં કહે છે.

આ એક નાના પ્રસંગથી ઘણી ઘણી વાતો આપણને સમજાવી દીધી જો આપણે વિચારીએ અને સમજીએ તો.

માતાની કુક્ષીમાં રહેલા બાળ પ્રભુને જોઈ હર્ષિત થતા ઈન્દ્ર મહારાજા. અરિહંત પદ પ્રત્યેનો ગાઢ રાગ...શ્રદ્ધા અને અપૂર્વ ભક્તિ જણાવે છે. પ્રભુને જોતાં જ દેવલોકને ભૂલી ગયા.... નાચ-ગાન ભૂલી ગયા. નૃત્ય કરતી અપ્સરાઓ ભૂલી ગયા... પોતે ઈન્દ્ર છે એ પણ ભૂલી ગયા... પરમાત્માના સેવક બની ગયા. એમની એક એક ક્રિયામાં વિનય અને વિવેક છલકાય છે. ક્યાં રત્નની મોજડીને ઉતારીને દૂર કરતા ઈન્દ્ર

મહારાજા અને ક્યાં ધોયેલા કપડાથી પરમાત્મા પૂજાની અનુમતિ માગતી આજની શ્રાવિકાઓ ? અમે મોટા છીએ... અશુચિ નથી... બ્રહ્મચારી છીએ પછી શું વાંધો આવે ?

અંદરના ઉત્કૃષ્ટ ભાવો વિના દ્રવ્ય ક્રિયામાં પ્રાણ પુરાતા નથી. પરમાત્મ પૂજા સમયના તમારા ભાવ... મુખ ઉપરની પ્રસન્નતા... આનંદ... તમારી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિને પ્રગટ કરે છે. પરમાત્મ તત્વને તમે કેટલું સમજ્યા છો... પામ્યા છો એની નિશાની ભક્તિનો આનંદ છે. પરમાત્માના એક એક ગુણને સ્મૃતિપટ ઉપર લાવીને ભાવભીની વાણી દ્વારા એ પ્રવાહિત થાય છે. જે આજે પણ શક્રસ્તવના નામે પ્રસિદ્ધ છે -

**नमोत्थुणं** - નમસ્કાર થાઓ.

**अरिहंताणं** - કર્મરૂપી શત્રુઓને હણનારા અરિહંતોને,

**भगवंताणं** - જ્ઞાનાદિ ગુણોવાળા ભગવાનોને,

**आइगराणं**- પોતપોતાના તીર્થની અપેક્ષાથી ધર્મની આદિ-પ્રારંભ કરનારાઓને,

**तित्थयराणं** - તીર્થની સ્થાપના કરનારાને,

**सयंसंबुद्धाणं**- બીજાના ઉપદેશ વિના પોતાની મેળે જ બોધ પામેલાને,

**पुरिसुत्तमाणं** - પરોપકાર, દેવગુરુભક્તિ અને ગંભીરતાદિ ગુણોના કારણે પુરુષોમાં ઉત્તમ એવાને,

**पुरिससीहाणं**- કર્મરૂપી શત્રુને વિષે ક્રૂર અને પરિષહો - ઉપસર્ગોને સહન કરવામાં શુરવીરપણાથી

પુરૂષોમાં સિંહ સમાનને.

**पुरिसवरपुंडरियाणं** - કમળ કાદવમાં ઉત્પન્ન થાય - પાણીથી વૃદ્ધિ પામે છતાં બન્નેને છોડીને ઉપર રહે તેમ ભગવાન પણ કર્મરૂપ કાદવને વિષે ઉત્પન્ન થાય અને ભોગરૂપી જલથી વૃદ્ધિ પામવા છતાં કર્મ અને ભોગોનો ત્યાગ કરીને રહે છે તેથી ઉત્તમ પુંડરીક કમળ સમાનને,

**पुरिसवरगंधहत्थीणं**- ગંધહસ્તીના ગંધથી બીજા હાથીઓ ભાગી જાય છે તેવી રીતે પ્રભુના પ્રભાવથી મારી-મરકી-દુષ્કાળ-શત્રુસૈન્યરૂપી હાથીઓ દૂર ભાગી જાય છે તેથી ભગવાન પુરૂષને વિષે ગંધહસ્તી સમાનને,

**लोगुत्तमाणं**- ભવ્યજીવોના સમૂહમાં ચોત્રીસ અતિશયવાળા હોવાથી લોકમાં ઉત્તમ એવાને,

**लोगनाहाणं**- ભવ્ય જીવોને યોગ અને ક્ષેમ કરનારા હોવાથી લોકના નાથ એવાને,

**लोगहिआणं** - સર્વ જીવોનું હિત કરનારાઓને,

**लोगपइवाणं** - મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી પદાર્થોના સમૂહને પ્રકાશનારા તેથી લોકમાં દીપક સમાનને,

**लोगपज्ञोअगराणं** - લોક-અલોકમાં રહેલા સર્વ પદાર્થોને કેવલજ્ઞાન પૂર્વક આગમરૂપી કિરણોના સમૂહથી સૂર્યની જેમ પ્રકાશ કરનારા તેથી લોકમાં પ્રકાશ કરનારાને,

**अभयदयाणं** - સાત ભયને નિવારનારા અર્થાત્ અભયદાન દેનારાને,

**चक्खुदयाणं** - જ્ઞાનચક્ષુને આપનારાને,

**मग्गदयाणं** - સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગને આપનારાને,

**सरणदयाणं** - સંસારથી ભય પામેલા જીવોને શરણ આપનારાને,

**जीवदयाणं**- સર્વ પ્રકારે મુક્તિપદરૂપી જીવિતને આપનારાને,

**बोहिदयाणं**- સમ્યક્ત્વરૂપી બોધિ આપનારાને,

**धम्मदयाणं** - ચારિત્રરૂપી ધર્મ આપનારાને,

**धम्मदेसयाणं** - ધર્મનો ઉપદેશ કરનારાને,

**धम्मनायगाणं** - ધર્મના નાયકને,

**धम्मसारहीणं** - ધર્મના સારથીને, જેમ સારથી ઉન્માર્ગે જતા રથને પાછો માર્ગે લાવે છે, તેમ ભગવાન પણ માર્ગભ્રષ્ટ થયેલા માણસને પાછો માર્ગે લાવે છે. અહિં ધર્મસારથીને અનુલક્ષીને મેઘકુમારની કથા જાણવા જેવી છે.

## મેઘકુમાર

રાજગૃહિ નગરી...

પ્રભુ વિચરતા વિચરતા રાજગૃહિ નગરીમાં પધાર્યા...

શ્રેણિક મહારાજા ધારીણી રાણી અને રાજકુમાર મેઘકુમાર સાથે પ્રભુના દર્શન-વંદન કરવા પધાર્યા... પ્રભુની મીઠી મધુર દેશના સાંભળી મેઘકુમાર  પ્રતિબોધ પામ્યા. વૈરાગ્ય જાગ્યો. માતા-પિતા પાસેથી અનુમતિ મેળવી આઠ-આઠ સ્ત્રીઓનો ત્યાગ કરી પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુએ નવદીક્ષિતને સ્થવિર મુનિઓને સોંપ્યો.

એકદા રાત્રિએ ઉપાશ્રયમાં અનુક્રમે સંથારા કરતાં મેઘમુનિનો સંથારો છેલ્લો... બારણાની પાસે આવ્યો. ત્યાંથી જતા આવતાં મુનિઓના પગમાંથી ખરેલી રજથી મેઘમુનિનું શરીર અને સંથારો બન્ને માટીવાળા થયા. મેઘ મુનિને ક્ષણવાર પણ નિદ્રા આવી નહિં. તેથી તે વિચારવા લાગ્યા ‘‘ક્યાં આરામદાયી રાજમહેલની શય્યા અને ક્યાં આ માટીવાળો સંથારો. આવું મારે ક્યાં સુધી સહન કરવાનું ? ના...ના, હવે મારે સહન થાય એમ નથી. સવારના પ્રભુ પાસે જઇ પ્રભુની રજા લઇ ગૃહસ્થપણું સ્વીકારી ઘરે જઇશ.’’

સવારના નિત્યકાર્યથી પરિવરી મેઘમુનિ પ્રભુજી પાસે આવ્યા. પ્રભુને વંદના કરી. પ્રભુએ અમૃત સમાન મીઠી વાણીથી મુનિને બોલાવ્યા અને કહ્યું - ‘‘હે વત્સ ! રાત્રીના સમયે જતા આવતા સાધુઓથી સંઘટાયેલા એવા તે વિચાર કર્યા વિના શા માટે દુર્ધ્યાન કર્યું ?

ચક્રવર્તીની સમૃદ્ધિ છોડીને દાસપણાની કોણ ઇચ્છા કરે ?

રત્નાદિક છોડીને પત્થરના ટુકડા કોણ લે ?’’

વળી હે વત્સ ! નરકાદિકના દુઃખો પણ પ્રાણીઓએ અનેકવાર અનેક સાગરોપમ સુધી સહન કર્યા છે, તેની આગળ આ મનુષ્યો સંબંધી દુઃખ કોણ માત્ર છે ? નારકીનું દુઃખ પણ સમય જતાં દૂર થાય છે... તો

મનુષ્યનાં દુઃખની શું વાત ? તને એવું વિશેષ દુઃખ નથી. તારે આવી રીતે મુંઝાવું ન જોઇએ.

અગ્નિમાં પ્રવેશ કરવો સારો... ઇંગિત મરણ આદિક શુદ્ધ કર્મથી મૃત્યુ પામવું તે સારું પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો અથવા શીલભંગ કરવો તે સારું નહીં.'' પ્રભુએ આવો ઉપદેશ આપવા સાથે કહ્યું ''આ ચારિત્રનું આચરણ મહાન ફળને આપનારું છે. તેં પણ પૂર્વભવોમાં ધર્મને માટે કષ્ટ સહન કર્યું છે તેથી જ આ સામગ્રીને પામ્યો છે. તારા બે પૂર્વભવ તું સાંભળ –

''આ ભવથી પૂર્વ ત્રીજે ભવે તું વૈતાઢ્ય પર્વતની શ્રેણિમાં શ્વેત વર્ણવાળો... છ દાંતવાળો... એક હજાર હાથીણીઓનો સ્વામિ સુમેરુપ્રભ નામે હાથી હતો. એકદા ઉનાળામાં દાવાનળથી ભય પામી તું તારા ટોળામાંથી ભાગ્યો. માર્ગમાં અતિશય તૃષાથી પીડીત થતાં તું કોઇ સરોવર તરફ ગયો. દુર્ભાગ્યથી તું કાદવમાં ફસાઇ ગયો. નિકળવાના ઘણા પ્રયાસ પણ નિષ્ફળ ગયા. બીજા હાથીઓએ આવીને દંતશુળોના પ્રહારથી તને ઘણી પીડા ઉપજાવી. સાત દિવસ આવી પીડા ભોગવી ૧૨૦ વર્ષનું આયુષ્ય ભોગવી તું મરણને શરણ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વિંધ્યાચળ પર્વતમાં લાલવર્ણનો સાતસો હાથણીઓનો સ્વામી ચાર દંતશુળવાળો હાથી થયો. ત્યાં એકદા તે દાવાનળ જોયો. દાવાનળને જોતાં જ તને જાતિસ્મરણ જ્ઞાન થયું. તને તારો પૂર્વભવ સમજાયો. દાવાનળથી સ્વયં માટે જ નહિં પણ બધા પ્રાણીઓ માટે તે એક યોજનની ભૂમિ સાફ કરી રાખી. થોડા-થોડા દિવસના આંતરે તું ધ્યાન રાખતો. ક્યાંય કોઇ તૃણ કે છોડ ઉગ્યો હોય તો ઉખેડી નાંખતો.

એકદા વનમાં દાવાનળ સળગતા તેથી બચવા વનના પ્રાણીઓ મેદાનમાં આવીને ઉભા રહ્યા. તું પણ તે

મેદાનમાં શરીરને સંકોચીને રહ્યો. તારા શરીરે ખુજલી થવાથી તે એક પગ ઉપર કર્યો. તરત જ બીજે જગા ન મળવાથી એક સસલો આવીને તારા પગની જગ્યાએ ઉભો રહ્યો. ખંજવાળીને પગ નીચે મુકતાં સસલો તારા જોવામાં આવ્યો. તને સસલા ઉપર દયા આવી. દયાથી પ્રેરાઈને તું અઢી દિવસ સુધી પગ ઉંચો રાખીને રહ્યો. દાવાનળ શાંત થયો. બધા પશુઓ વિખરાયા... બધા પોતપોતાના સ્થાને ગયા. સસલો પણ ચાલ્યો ગયો. તે પગ નીચે રાખવા પ્રયત્ન કર્યો પરંતુ પગ અકડાઈ જતાં તું જમીન ઉપર પડી ગયો. ત્રણ દિવસ સુધી ભુખ-તરસ સહન કરી દયાના ભાવોમાં રમતાં તારું આયુષ્ય પૂર્ણ થયું અને તું શ્રેણિક મહારાજા અને ધારિણીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો છે. એવી રીતે હે મેઘમુનિ ! તિર્યંચના ભવમાં અજ્ઞાની હોવા છતાં તે ધર્મને માટે દયાળુ થઈને ઘણું કષ્ટ સહન કર્યું હતું અને પીડાને જરા પણ ગણકારી ન હતી. હવે આ મનુષ્યભવમાં જગત વંદનીય એવા સાધુઓના ચરણ સ્પર્શ અને ચરણ રજથી કેમ અકળાય છે ? શા માટે દુર્ધ્યાન કરે છે ?''

પ્રભુની આવી વાણી સાંભળી તથા પોતાના બન્ને પૂર્વભવનું સ્મરણ કરતાં ફરીથી વૈરાગ્ય પામેલા મેઘમુનિ પ્રભુજીને નમસ્કાર કરીને કહે છે કે - ''હે ભગવન્ ! આપ ચિરકાલ જીવો ! ઉન્માર્ગે ગયેલા ઘોડાને જેમ સારથિ સન્માર્ગે લાવે છે તેમ તમે મને ઉન્માર્ગથી સન્માર્ગે લાવ્યા છો. આજથી મુનિઓની ચરણ રજ પણ મારા માટે વંદનીય છે. આજથી બે આંખો સિવાય આ શરીરને પણ વોસિરાવ્યું છે. મારા શરીર સાથે અથડાતા મુનિઓ પ્રત્યે જરા પણ ક્રોધાદિ કરીશ નહીં. એવો અભિગ્રહ કરી ધર્મ માર્ગમાં સ્થિર થયા. નિરતિચાર ચારિત્રનું પાલન કરી ઉગ્ર તપ તપી અંતે એક મહિનાનું અણસણ કરી... આયુષ્ય પૂર્ણ કરી વિજય વિમાનમાં દેવ થયા. ત્યાંથી

ચ્યવી મહાવિદેહમાં નિર્વાણપદને પામશે.

એવી રીતે પ્રભુ **ધર્મરથના સારથિ** છે. હવે આગળ ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તવના કરતાં કહે છે –

धम्मवरचाउरंत चक्कवट्टीणं - ચક્રવર્તી જેમ બીજા રાજાઓથી વિશેષ હોય તેમ બીજા કુતીર્થીઓની અપેક્ષાએ વિશેષ આચરણવાળા હોવાથી અને નરકાદિ ચાર ગતિઓના દુઃખોને નાશ કરનારા માટે ધર્મને વિષે ઉત્તમ ચક્રવર્તી એવાને

दीवोताणं- સમુદ્રમાં ડુબતા પ્રાણીઓને જેમ દ્વીપ આધારરુપ હોય છે, તેમ સંસારરૂપ સમુદ્રમાં ડુબતા પ્રાણીઓને આધારરુપ એવાને,

सरणंगई पइट्ठा – કર્મરૂપી રોગોથી મરેલાઓને શરણરૂપ એવા ભગવાનને,

अप्पडिहय - वरनाण दंसण धराणं - કોઈથી ન હણાય એવા શ્રેષ્ઠ જ્ઞાન–દર્શનને ધારણ કરનારને,

विअट्ट छउमाणं - ચાલી ગઇ છે છદ્માવસ્થા જેઓની એવાને,

जिणाणं जावयाणं - રાગદ્વેષને જીતનારને તથા જીતાડનારને,

तिन्नाणं तारयाणं - સંસારસમુદ્રને તરનારને તથા તારનારને,

बुद्धाणं बोहयाणं - નવતત્વાદિનો બોધ પામેલાને તથા બોધ પમાડનારને,

मुत्ताणं मोअगाणं- કર્મથી મુક્ત થયેલાને અને કર્મથી મૂકાવનારને,

सव्वण्णूणं-सव्वदरिसीणं - સર્વજ્ઞને અને સર્વદર્શીને,

शिव-मयल- ઉપદ્રવરહિત અને અચલ

मरुअ-मणंत - રોગરહિતને, અનંતને,

मक्खय - मव्वाबाह - અક્ષય–અવ્યાબાધ

मपुणरावित्ति - જ્યાંથી પાછું આવવું નથી

सिद्धिगइ - नामधेयं - એવી સિદ્ધિગતિ નામવાળા

ठाणं संपत्ताणं - સ્થાનને પામેલાને,

नमो जिणाणं - જિનેશ્વરોને નમસ્કાર થાઓ.

जियभयाणं - ભયને જીતનારા એવાને.

એવી રીતે સર્વ તીર્થંકરોની સ્તવના કરીને ઇન્દ્ર મહારાજા ભગવાન મહાવીરને નમસ્કાર કરતાં કહે છે–

નમસ્કાર થાઓ શ્રમણ ભગવાન મહાવીરને,

પૂર્વના તીર્થંકરોએ કહેલા અને સિદ્ધિગતિ નામના સ્થાનકને પામવાની ઇચ્છા કરનારા એવા મહાવીરને !

અહિં રહેલો હું ત્યાં રહેલા... બ્રાહ્મણકુંડ નામના ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનંદા નામની બ્રાહ્મણી સ્ત્રીના ઉદરમાં ગર્ભપણે રહેલા તે ભગવાનને વંદના કરું છું.

ત્યાં રહેલા ભગવાન અહિં રહેલા મને જુએ.

એવી રીતે શ્રમણ ભગવાન મહાવીરસ્વામિને વંદના કરીને પૂર્વદિશા સન્મુખ પોતાના સિંહાસન ઉપર બેસે છે.

ઇન્દ્ર મહારાજા સિંહાસનની ઉપર બિરાજમાન થયા... મનમાં હજી પ્રભુ મહાવીર દેવનું ચિંતન ચાલુ છે... ત્યાં અચાનક મનમાં પ્રશ્ન ઉઠ્યો... અહો ! નિશ્ચે ભૂતકાળમાં આવું થયું નથી...વર્તમાન કાળમાં થતું નથી, અને ભવિષ્યકાળમાં એવું થશે નહીં. જે અરિહંતો, ચક્રવર્તી, બળદેવો, વાસુદેવો ક્ષુદ્રકુળમાં, અધમ કુળમાં, અલ્પ કુટુંબવાળા કુળમાં, નિર્ધન કુળમાં, લોભીના કુળમાં, ભીખમાંગી ખાનારાના કુળમાં, બ્રાહ્મણ કુળમાં આવ્યા હોય... આવતા હોય... હવે પછી આવનારા હોય.

અરિહંતાદિ મહાપુરુષોનું પુણ્ય અત્યંત પ્રબળ હોય છે. જન્મ પૂર્વે જ દેવો અને ઇન્દ્રો એમના સેવક બની ભક્તિ કરવા ઇચ્છતા હોય છે. એમના આવા પ્રચંડ પુણ્યનો ઉદય આવા હલકા કુળોમાં કેવી રીતે સંભવી શકે ? અધમ, ભિક્ષુક, દરિદ્રિ અને ક્ષુદ્ર કુળવાળા આવા પ્રચંડ પુણ્યને પચાવી પણ ન શકે. એ માટે ઉચ્ચ કુળ જ આવશ્યક હોય છે. તેથી જ અરિહંત - ચક્રવર્તી - બળદેવ - વાસુદેવ ઉગ્રકુલ, ભોગકુલ, હરિવંશકુલ, ક્ષત્રિયકુળમાં આવ્યા છે... આવે છે અને આવશે.

***

ઘર ખંડેર જેવું છે... ભીંત પડુ પડુ થઇ રહી છે...

ઘરમાં પુરા વસ્ત્ર કે પાત્ર પણ નથી...

વસ્ત્રો પણ ફાટેલા-થીગડાવાળા છે...

એક સાંધે ત્યાં તેર તુટે જેવી પરિસ્થિતિ છે...

ઘરમાં ખાવાના વાંધા છે...

બાળકો રોટલા માટે ઝગડી રહ્યા છે...

શું આવા નિર્ધન-દરિદ્રિ કુલમાં પુણ્યના મહાસાગર, વિશ્વ વંદનીય, ઇન્દ્ર પૂજીત તીર્થંકર પરમાત્માનો જન્મ થઇ શકે ? અસંભવિત !

***

હલકી...નીચ વસ્તી છે...

ચારે બાજુ ગંદકી છે...

મારો - કાપોની વાતો થઇ રહી છે...

ગંદી ગાળો બોલાઇ રહી છે...

કલહ - કંકાસ થઇ રહ્યા છે...

ક્યાંક મારામારી થઇ રહી છે... દારુ-જુગાર ચાલુ છે...

આશ્લીશ વચનો વરસી રહ્યા છે...

સામાન્ય વ્યક્તિ ક્ષણવાર જ્યાં ઉભા રહેવાને ન ઇચ્છે...
શું આવા ક્ષુદ્ર – અધમ કુલમાં દેવાધિદેવનો જન્મ સંભવી શકે?
અસંભવ !

***

સામાન્ય જણાતું ઘર...
ક્યાંક બાળકો રમી રહ્યા છે... સ્ત્રીઓ કામ કરી રહી છે...
કોઇ અભ્યાસ કરે છે.. ક્યાંક વાદ ચાલુ છે...
કોઇ પૂજામાં મસ્ત છે... કોઇ ક્રિયાકાંડ ચાલુ છે...

ત્યાં ભિક્ષાનો સમય થતાં હાથમાં ઝોળી લઇ ભિક્ષા માટે નિકળે છે.. આવા ભિક્ષુક – બ્રાહ્મણ કુળમાં પ્રભુ અવતરે ખરા ? અસંભવિત !

તો પણ પ્રભુ બ્રાહ્મણ કુળમાં કેમ આવ્યા ?

## દશ અચ્છેરા

અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ વ્યતીત થતાં વિશ્વમાં કેટલીક આશ્ચર્યકારી ઘટનાઓ બને છે. આવી દસ આશ્ચર્યકારી ઘટનાઓ આ અવસર્પિણી કાળમાં થઇ છે. જે આ પ્રમાણે છે –

૧. કેવળજ્ઞાન પહેલા છદ્મસ્થ અવસ્થામાં ભગવાન મહાવીરને કે અન્ય તીર્થંકરોને ઉપસર્ગો થયા છે અને થાય છે. પરંતુ ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પામ્યા પછી પણ ગોશાલાએ તેજોલેશ્યા છોડીને ઉપસર્ગ કર્યો. તેજો લેશ્યા પ્રભુજીને પ્રદક્ષિણા આપી ગોશાળાના શરીરમાં પેસી ગઇ. પ્રભુજીને તેજોલેશ્યાના પ્રભાવથી છ મહિના સુધી લોહિના ઝાડા થયા. કેવલજ્ઞાન પછી ઉપસર્ગ થવો તે પ્રથમ આશ્ચર્ય છે.

૨. કોઇ પણ તીર્થંકરના ગર્ભનું હરણ થયું નથી. પરંતુ દેવાનંદાની કુક્ષિમાં આવેલા પ્રભુ મહાવીરનું ઇન્દ્રની આજ્ઞાથી હરિણગમૈષી દેવે ત્રિશલામાતાની કુક્ષિમાં ગર્ભહરણ કર્યું. ત્રિશલામાતાના ગર્ભને દેવાનંદાની કુક્ષિમાં મૂક્યો. આ ગર્ભહરણ નામનું બીજું આશ્ચર્ય છે.

૩. સર્વ તીર્થંકર હમેંશા ઉત્તમ પુરુષ જ હોય છે. પરંતુ આ અવસર્પિણીમાં મિથિલા નગરીને વિષે કુંભરાજાની પુત્રી મલ્લિએ ઓગણીશમાં તીર્થંકર થઇ તીર્થ પ્રવર્તાવ્યું છે. આ ત્રીજું આશ્ચર્ય છે.

૪. તીર્થંકર પરમાત્માની દેશના ક્યારે પણ નિષ્ફળ ન જાય પરંતુ ભગવાન મહાવીરસ્વામિની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ... કોઇએ વિરતિનો સ્વીકાર ન કર્યો તે ચોથું આશ્ચર્ય છે.

૫. તીર્થંકર તીર્થંકરને ન મળે તેમ વાસુદેવ-વાસુદેવને ન મળે. નવમા કૃષ્ણ વાસુદેવ દ્રૌપદીના નિમિત્તથી ઘાતકી ખંડના અમરકંકા નગરીમાં ગયા. પદ્મોત્તર રાજાને જીતીને દ્રૌપદીને લઇ પાછા વળતા શંખનો શબ્દ કર્યો. તે સાંભળી ઘાતકી ખંડના મુનિસુવ્રત પ્રભુના વચનથી કૃષ્ણવાસુદેવના આગમનને સાંભળી ઉત્સાહવંત કપિલવાસુદેવે સમુદ્રકાંઠે આવીને શંખનો શબ્દ કર્યો. બન્ને વાસુદેવનું શંખના શબ્દ દ્વારા સાગરના

મધ્યમાં મિલન થયું તે પણ પાંચમું આશ્ચર્ય જાણવું.

૬. પ્રભુ મહાવીરસ્વામિ કૌશંબી નગરીમાં સમવસર્યા ત્યારે સાંજના સમયે સૂર્ય અને ચંદ્ર પોતાના મૂળ વિમાનમાં પ્રભુને વંદન કરવા આવ્યા હતા તે છઠ્ઠું આશ્ચર્ય છે.

૭. કૌશંબી નગરીના રાજા સુમુખે વીરા નામનાં માણસની પત્ની વનમાળાને પોતાના અંતપૂરમાં રાખી. પત્નીના વિરહમાં ગાંડો થઈને વીરો વનમાળા - વનમાળા બોલતો ભટકવા લાગ્યો. એકદા રાજા અને વનમાલાએ દુઃખી અને ગાંડા થઇ ગયેલા વીરાને જોયો. બન્ને પોતાના અકાર્યનો પશ્ચાતાપ કરવા લાગ્યા ત્યાં અચાનક વિજળી પડવાથી બન્ને મૃત્યુ પામી હરિવર્ષ ક્ષેત્રમાં યુગલિયા થયા. એમના મૃત્યુને જોઇ વીરો કહેવા લાગ્યો અહો ! એમને પાપ લાગ્યું અને હવે તે ડાહ્યો થઈ ગયો. તે આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં કિલ્બિશિક દેવ બન્યો. વીરો દેવ અવધિજ્ઞાનથી બન્નેને યુગલિયા થયેલા જાણી હવે એ દેવ બનશે માટે એમને કેમ દુઃખી કરું એમ વિચારવા લાગ્યો.

પછી પોતાની શક્તિથી બન્નેના શરીર નાના કરી એમને ભરતક્ષેત્રમાં રાજા બનાવી સાત વ્યસન શીખવાડ્યા. તેથી બન્ને મરીને નરકમાં ગયા. તેનો વંશ હરિવંશ કહેવાયો. યુગલિયાનું ભરત ક્ષેત્રમાં લાવવું, શરીરનું સંકોચવું, તેમનું નરકમાં જવું આ બધું આશ્ચર્યરૂપ છે.

૮. પૂરણ બાલ તાપસ એક માસનું અણસણ કરી આયુષ્ય પૂર્ણ કરી ભવનપતિ દેવોમાં ચમરેન્દ્ર તરીકે ઉત્પન્ન થયો કે તરત જ પોતાના મસ્તક ઉપર બેઠેલા સૌધર્મેન્દ્રને જોતાં જ ગુસ્સામાં આવી પ્રભુનું શરણું લઇ...

હાથમાં ભયંકર પરિઘ શસ્ત્ર લઇ મોટેથી ગર્જના કરતાં સૌધર્મદેવલોકમાં જઇ સૌધર્મેન્દ્રના આત્મરક્ષક દેવોને હેરાન કરવા લાગ્યો... સૌધર્મવતંસક વિમાનની વેદપર પગ મૂકી સૌધર્મેન્દ્રને ધમકાવવા લાગ્યો. સૌધર્મેન્દ્ર અત્યંત ક્રોધમાં આવી સામે થયા... પોતાના જાજ્વલ્યમાન વજ્રને ચમરેન્દ્ર પર મૂક્યું. ચમરેન્દ્ર વજ્રના પ્રહારને સહન કરવા અસમર્થ હોવાથી ભયભીત થઈને પ્રભુ મહાવીરના શરણે ગયો. સૌધર્મેન્દ્રે તરત પાછળ જઈને પ્રભુ મહાવીરથી ચાર આંગળ દૂર રહેલા વજ્રને લઇ લીધું. ચમરેન્દ્રને કહ્યું આજે ભગવાનનું શરણ સ્વીકાર્યું એટલે છોડું છું. હવે પછી આવું કરીશ નહિં. ચમરેન્દ્રનું ઉર્ધ્વગમન એ આશ્ચર્ય છે.

(૯) એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ જીવ સિદ્ધિ ન પામે છતાં આ અવસર્પિણીમાં શ્રી ઋષભદેવ પ્રભુ તેમના ભરત સિવાય ૯૯ પુત્રો અને ભરતના ૮ પુત્રો સાથે મોક્ષમાં ગયા તે આશ્ચર્ય છે.

(૧૦) અસંયમ એટલે સંયમ વગરના... જેઓ આરંભ પરિગ્રહમાં આસક્ત છે તેમની પૂજા. આ અવસર્પિણીમાં નવમા-દસમા જિનની વચ્ચે અસંયત એવા બ્રાહ્મણોની પૂજા પ્રવર્તી તે દશમું આશ્ચર્ય જાણવું.

આમાં પ્રભુના ગર્ભહરણનાં આશ્ચર્યનું સર્જન પ્રભુએ બાંધેલા નીચ ગોત્રકર્મના કારણે થયું. પ્રભુએ સમ્યગ્દર્શન પામ્યા પછી મોટા સત્યાવીશ ભવ કર્યા છે. નાના તો ઘણા ભવ થયા છે જેમની ગણત્રી નથી. સમ્યગ્દર્શન પામ્યા પછી પણ જીવ જો સાવધાન ન હોય તો એના ભવોમાં કેવી રીતે વૃદ્ધિ થતી જાય છે એ સમજવા ભગવાન મહાવીરસ્વામીના ૨૭ ભવોને જાણવું - સમજવું જરૂરી બની જાય છે. જીવનના ઉત્થાન અને પતનના સ્થાનોને સમજવા આ સત્યાવીશ ભવ જાણવા જરૂરી છે. આવો ! આપણે સંક્ષિપ્તમાં આ ૨૭ ભવોને સમજીએ.

# પ્રભુ મહાવીરના ૨૭ ભવ

ભગવાન મહાવીર સ્વામિ પ્રથમ ભવમાં નયસાર નામે ગ્રામાધ્યક્ષ હતા. એકદા પોતાના માણસો સાથે લાકડા લેવા જંગલમાં ગયા હતા. મધ્યાહ્નના સમયે રસોઇ તૈયાર થઇ. નયસારને જમવા માટે બોલાવ્યા. બધા નયસારની રાહ જોતા હતા. નયસાર વિચારે છે ગામમાં... ઘરમાં તો કોઈને કોઇ અતિથિનો લાભ મળી જતો હતો. આજે આ વગડામાં કોઈનો લાભ મળી જાય તો સારૂં. ચારે દિશામાં નજર ફેરવી થોડી વાર રાહ જોઇ. ત્યાં તો એમના મહાન પુણ્યોદયે એમને ચાલ્યા આવતાં જૈન સાધુ ભગવંતના દર્શન થયા. રોમે રોમે હર્ષ વ્યાપી ગયો. સાધુ ભગવંતની સામે ગયા વિનય પૂર્વક નમસ્કાર કરી આહાર પાણી વહોરાવ્યા. એમને કહ્યું આપશ્રી આરામથી વાપરી લો પછી હું આવું છું. સ્વયં જમીને મુનિ ભગવંત પાસે ગયા. નમસ્કાર કરી બેઠા. એકલા કેમ નીકળ્યા છો ? આટલા મોડા કેમ પહોંચ્યા? વિગેરે પૂછપરછ કરી ત્યારે મુનિરાજે કહ્યું – ''અમે સાર્થ સાથે નીકળ્યા પણ પાછળ રહી ગયા અને પછી માર્ગ ભુલી ગયા તેથી અહીં મોડા પહોંચ્યા.''

નયસારે કહ્યું ''તમને તકલીફ – કષ્ટ થયું એ સારું ન થયું પરંતુ એથી અમને લાભ મળ્યો એ અમારું શુભ ભાગ્ય સુચવે છે. તમે ચિંતા કરશો નહીં તમને જ્યારે જવાનું હશે અમે સાથે આવી યોગ્ય ગામે પહોંચાડીશું.''

મુનિરાજે યોગ્ય આત્મા જાણી આત્માનું સ્વરૂપ સમજાવી સાચા ધર્મનો પરિચય કરાવ્યો. અહીં મુનિરાજના સદુપદેશથી નયસારના જીવનમાં સમ્યક્ત્વના બીજ રોપાયા. નયસારનો જીવ ધર્મ માર્ગે આગળ વધ્યો.

અહીંથી આયુષ્ય પૂર્ણ કરી નયસારનો જીવ બીજા ભવમાં દેવલોકમાં દેવ થયો. અહીંથી ચ્યવીને ભરત મહારાજાનો પુત્ર મરીચિ બન્યો.

મરિચિ વૈરાગ્ય પામી શ્રી આદિનાથ પ્રભુ પાસે સંયમનો સ્વીકાર કરે છે. અગિયાર અંગનો અભ્યાસ કરે છે. એકદા ઉનાળામાં અત્યંત તાપ સહન ન થવાથી વિચાર આવ્યો કે - ‘‘આ સાધુજીવનનું પાલન અત્યંત કઠીણ છે, મારાથી આવું પાલન થઈ શકે તેમ નથી. હવે સાધુપણું છોડીને ગૃહસ્થ બનવું પણ યોગ્ય નથી. સાધુપણું ન પાળીએ તો સાધુવેશમાં રહેવું પણ બરાબર નથી. તો હવે મારે શું કરવું ? મારાથી પાળી શકાય તેવો માર્ગ નક્કી કરી એ પ્રમાણે વેશ ધારણ કરી રહેવું.

સાધુઓ ત્રણ દંડથી રહિત છે... હું ત્રણ દંડ સહિત છું તેથી મને ત્રિદંડ ચિહ્ન હો. સાધુઓ દ્રવ્ય ભાવથી મુંડિત છે. હું તેવો નથી તેથી મારું મસ્તક શિખાયુક્ત અથવા ક્ષૌર મુંડિત હો. આ સાધુઓ સર્વ પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થયેલા છે. મારાથી આવું પાળી શકાય તેમ નથી તેથી મારે સ્થૂલ હિંસાથી નિવૃત્તિ છે. આ સાધુઓ સદા શીલવ્રતથી સુગંધિત છે હું તેવો નથી તેથી મારે શરીરે ચંદનાદિ દ્રવ્યોનું વિલેપન હો. આ સાધુઓ મોહ વિનાના છે, હું મોહ યુક્ત છું તેથી મને છત્ર હો. આ સાધુઓ ઉઘાડા પગે ચાલનારા છે, હું તેવો

નથી તેથી મને પગે પહેરવા પાવડી હો. આ સાધુઓ કષાયરહિત છે હું તેવો નથી તેથી મને કષાય રંગાદિથી રંગાયેલા વસ્ત્ર હો. આ સાધુઓ સ્નાન વિનાના છે હું તેમ રહી શકું એમ નથી તેથી મને મારે પરિમિત જલથી સ્નાન હો. એવી રીતે મરિચીએ પોતાની બુદ્ધિથી પરિવ્રાજકનો નવો વેશ પ્રવર્તાવી દીધો. એનો નવો વેશ જોઈ લોકો એમને ધર્મ પૂછવા લાગ્યા. એમને પ્રભુનો ધર્મ સમજાવતા અને દેશના શક્તિથી અનેક રાજકુમારો પ્રતિબોધ પામતા એમને પ્રભુ પાસે મોકલી દીક્ષિત કરતા.

એકદા પ્રભુ ઋષભદેવ અયોધ્યા નગરીમાં પધાર્યા. ત્યારે ભરત ચક્રવર્તીએ પ્રભુને પૂછ્યું – ''આ ચોવીસીમાં તીર્થંકર થાય એવો કોઈ જીવ પર્ષદામાં છે ?''

ભગવાન ઋષભદેવે કહ્યું – ''તમારો પુત્ર મરિચિ આ ભરતક્ષેત્રમાં આ ચોવિસીમાં છેલ્લા તીર્થંકર મહાવીર નામે થશે. મહાવિદેહ ક્ષેત્રમાં મુક્કા રાજધાનીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે. ભરતક્ષેત્રમાં ત્રિપૃષ્ટ નામે પ્રથમ વાસુદેવ થશે. આ સાંભળી હર્ષિત થયેલા ભરત ચક્રવર્તી મરિચિ પાસે આવે છે... ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક વંદના કરીને કહે છે – ''હે મરિચિ ! હું તમારા આ પરિવ્રાજકપણાને વંદન કરતો નથી પરંતુ આ ચોવિસીમાં તું ચોવિસમા મહાવીર નામે તીર્થંકર થવાનો છે તેને હું વંદના કરું છું. તું ચક્રવર્તી અને વાસુદેવ પણ થવાનો છે. વિશ્વમાં જેટલા મોટા લાભ છે તે બધા મેળવ્યા છે.

ભરત મહારાજા ગયા પછી મરિચિ નાચવા લાગ્યો... પોતાના કુળનું અભિમાન કરી આનંદ પામવા લાગ્યો. મારું કુળ કેટલું ઉંચુ છે... મારા દાદા પ્રથમ તીર્થંકર... મારા પિતા પ્રથમ ચક્રવર્તી... હું તીર્થંકર,

ચક્રવર્તી અને વાસુદેવ બનીશ... અહો ! હું કેવો ભાગ્યશાળી? મારું કુળ કેવું મહાન.'' આવું બોલતા મરિચિએ નીચ ગોત્ર કર્મ બાંધી લીધું.

પ્રભુના નિર્વાણપછી પણ મરિચિ પ્રભુના સાધુઓ સાથે જ વિહાર કરતો... જે કોઈ પ્રતિબોધ પામે એને સાધુઓ પાસે જ મોકલી દીક્ષા અપાવે. એકદા મરિચિ બિમાર પડ્યો એના પરિવ્રાજકપણા (અવિરતિ)ના કારણે સાધુઓ એની સેવા કરતા નથી. ત્યારે મનમાં ક્ષણવારને માટે વિચાર આવી ગયો મેં બધાને પ્રતિબોધી આ સાધુઓ પાસે મોકલ્યા. હવે બિમારીમાંએ મારી સેવા કરતા નથી હવે બિમારીમાં સેવા કરે એવો શિષ્ય મને જોઈએ. બીજી જ ક્ષણે પોતાની ભુલ સમજીને પાછા ફર્યા. એવામાં એમની પાસે કપિલ નામે રાજકુમાર આવ્યો. એને પ્રતિબોધી સાધુઓ પાસે મોકલ્યો પણ એણે મરિચિને પ્રશ્ન પૂછ્યો - ''ત્યાં ધર્મ છે તો શું તમારી પાસે ધર્મ નથી?'' મરિચિએ ઉત્સૂત્ર પ્રરૂપણા કરતા કહ્યું - ''ત્યાં પણ ધર્મ છે અહિં પણ ધર્મ છે.''કપિલે મરિચિ પાસે દીક્ષા લીધી. ઉત્સૂત્ર પ્રરૂપણાથી મરિચિએ પોતાનો લગભગ કોડાકોડી સાગરોપમ જેટલો સંસાર વધારી નાંખ્યો.

ત્યાંથી ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી ચોથા ભવમાં પાંચમા દેવલોકમાં દેવ થયો.

ત્યાંથી ચ્યવીને પાંચમા ભવમાં કોલ્લાગ સન્નિવેશમાં કૌશિક નામે બ્રાહ્મણ થાય છે. અત્યંત ધનાસક્ત અને વિષય લોલુપતાના કારણે અનેક પ્રકારે પાપ કરી અંતે ત્રિદંડી વેશ સ્વીકારી આયુષ્ય પૂર્ણ કરી ઘણા કિડા-મંકોડાના નાના ક્ષુલ્લક ભવ કરે છે જેની ગણત્રી નથી.

પછી અકામનિર્જરાથી છઠ્ઠા ભવમાં પુષ્યમિત્ર નામે બ્રાહ્મણ થાય છે.

આયુષ્ય પૂર્ણ કરી સાતમા ભવમાં પ્રથમ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળો દેવ થાય છે.
આઠમા ભવમાં ચૈત્ય સંનિવેશમાં અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા...
અંતે ત્રિદંડી થઈ મૃત્યુ પામી નવમા ભવમાં ઈશાન (રજા) દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવ થયા.
ત્યાંથી ચ્યવી દસમા ભવમાં મંદર સન્નિવેશમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ થાય છે.
ત્રિદંડી બની મૃત્યુ પામી અગિયારમાં ભવમાં ત્રીજા દેવલોકમાં દેવ થયા.
ત્યાંથી ચ્યવી બારમા ભવમાં શ્વેતાંબી નગરીમાં ભારદ્વજ બ્રાહ્મણ થયા.
ત્રિદંડી થઈ મૃત્યુ પામી તેરમા ભવે ચોથા દેવલોકમાં દેવ થયા.
ત્યાંથી ચ્યવી કેટલાક ભવો ભમીને ચૌદમા ભવે રાજગૃહ નગરમાં સ્થાવર નામે બ્રાહ્મણ થયા.
ત્રિદંડી બની આયુષ્ય પૂર્ણ કરી પંદરમા ભવમાં પાંચમા દેવલોકમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવી સોળમા ભવમાં રાજગૃહ નગરમાં વિશ્વનંદી રાજાના ભાઈ વિશાખાભૂતિ યુવરાજના પુત્ર વિશ્વભૂતિ થયા. સંભૂતિમુનિ પાસે દીક્ષા લઈ એક હજાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી. એકદા માસક્ષમણના પારણે ગોચરી માટે જતાં મુનિને ગાયે પાડી નાંખ્યા. એ સમયે વિશાખાનંદીએ મુનિની હાંસી કરી તેથી ક્રોધે ભરાયેલા મુનિએ ગાયને બે શિંગડે પકડીને આકાશમાં ભમાડીને એવું નિયાણું કર્યું કે આ ભવમાં કરેલા ઉગ્ર તપના પ્રભાવે ભવાંતરમાં હું ઘણો પરાક્રમી થાઉં.''

ત્યાંથી સત્તરમે ભવે મહાશુક્ર દેવલોકમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવી અઢારમા ભવે ત્રિપૃષ્ટ નામે વાસુદેવ થયા. શસ્ત્ર વિના સિંહને મારવાનું કાર્ય તથા શય્યાપાલકના કાનમાં શીશાના ધગધગતા રસને નાંખવાનું કાર્ય આ ભવમાં જ કર્યું.

અહીંથી ઓગણીસમા ભવમાં સાતમી નરકમાં ઉત્પન્ન થયા.

ત્યાંથી નિકળી વીસમા ભવમાં સિંહ બન્યો.

એકવીસમા ભવમાં ચોથી નરકમાં ગયા.

પછી અનેક ભવો ભટકી બાવીસમા ભવમાં મનુષ્ય બની શુભાશુભ કર્મ ઉપાર્જન કરે છે.

ત્રેવીશમાં ભવમાં મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા રાજધાનીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થયા. પોટિલાચાર્ય પાસે દીક્ષા લઇ કરોડ વર્ષ ચારિત્ર પાળી સાધના કરે છે.

ચોવિસમા ભવમાં મહાશુક્ર વિમાનમાં દેવ થયા.

ત્યાંથી પચીસમા ભવમાં આ ભરતક્ષેત્રમાં નંદન નામે રાજા થયા. દીક્ષા લઇ એક લાખ વર્ષ સુધી માસક્ષમણને પારણે માસક્ષમણ કરી વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

ત્યાં એક માસનું અણસણ કરી કાળ કરી દશમા પ્રાણત દેવલોકમાં ગયા.

ત્યાંથી ચ્યવી મરિચીના ભવમાં બાંધેલું બાકી રહેલું નીચગોત્ર કર્મ ભોગવવા દેવાનંદાની કુક્ષીમાં પ્રભુ અવતર્યા.

સત્યાવીશ ભવોમાં મનુષ્યગતિના ૧૪ ભવ છે, દેવગતિના ૧૦ ભવ છે, બે ભવ નરકગતિના છે જ્યારે

એક ભવ તિર્યંચગતિનો છે. મનુષ્ય ગતિના ૧૪ ભવોમાંથી ત્રીજા મરિચીના ભવમાં ત્રિદંડીનો વેશ પ્રવર્તાવ્યો અને આગળના છ મનુષ્ય ભવોમાં એ સંસ્કાર આગળ વધ્યા. છ ભવ સુધી ફરી ફરી ત્રિદંડી બન્યા. એક વખત મજબૂત કરેલા સંસ્કારોને દૂર કરવા કેટલા ભવો લાગે છે એ વિચારવાનું છે ? ભગવાન મહાવીરસ્વામિના જીવને સમ્યગ્દર્શન પામ્યા પછી... દેવાધિદેવ ઋષભદેવના પૌત્ર અને શિષ્ય બનવાનું સદ્‌ભાગ્ય પામ્યા પછી પણ ઉપસર્ગો અને પરિષહોની સામે ટકવા માટેનું બળ કે સત્વ ઓછું પડ્યું એટલે પરિવ્રાજક બનવાનો વિચાર મજબૂત બન્યો. વિચાર કરતાં એમ જણાય છે કે જ્યાં સુધી મોક્ષ નજીક આવતો નથી ત્યાં સુધી અંદરનું સત્વ ઉલ્લસિત બનતું નથી. સાચા અને મૂળ માર્ગે જીવને પ્રવર્તવા દેતું નથી. પુણ્ય ભરપૂર જીવન હતું તેથી બધી મુખ્ય પદવીઓ પામ્યા. વાસુદેવ, ચક્રવર્તી અને તીર્થંકર બનવાનું ભાગ્ય એમણે વિકસિત કર્યું હતું. વાસુદેવ બન્યા એટલે નરકમાં જવું જ પડે. એથી બે નરકના અને એક તિર્યંચનો સિંહનો ભવ કરવો પડ્યો. પ્રભુ મહાવીરસ્વામીના ૨૭ ભવોનું જો યોગ્ય રીતે ચિંતન મનન કરવામાં આવે તો જીવની શિવયાત્રાનું રહસ્ય ખુલ્લું થઇ જાય. મોક્ષનો સાચો માર્ગ પણ મળી જાય. સાધકને સાધનામાં આવશ્યક સાવધાનીની સમજણ પ્રાપ્ત થઇ જાય.

ઇન્દ્ર મહારાજા વિચાર કરે છે ક્ષીણ થતાં એવા નીચ ગોત્ર કર્મના ઉદયે કદાચ તીર્થંકર પરમાત્માનો જીવ નીચ કુલમાં ઉત્પન્ન થાય પણ ત્યાં તેનો જન્મ થતો નથી. ત્યાં મારો એટલે જ સૌધર્માધિપતિનો આચાર છે કે એમના ગર્ભને ઉચ્ચકુળમાં મૂકવો.

કર્મ સત્તા કેટલી મજબૂત છે ? કર્મ બાંધ્યા પછી આપણે એ કર્મસત્તાના કેવા ગુલામ બની જઇએ

છીએ? પ્રભુજીના ચ્યવન કલ્યાણકે ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન ન થયું ? ૮૨-૮૨ દિવસ સુધી ઈન્દ્ર મહારાજાને પ્રભુના ચ્યવનની ખબર ન પડી ? આ બધી કમાલ કર્મની છે. તીર્થંકર પરમાત્માને જે કર્મસત્તાએ છોડ્યા નથી એ કર્મસત્તા આપણને છોડશે ? શક્ય જ નથી. એટલે જ કર્મ બાંધતી વખતે સાવધાન થવાનું છે. કર્મ બાંધ્યું નથી ત્યાં સુધી આત્મા રાજા છે કર્મ બાંધ્યા પછી કર્મ રાજા છે આત્મા ગુલામ છે. પ્રભુના જીવનને જાણીને આપણે જાગૃતિ કેળવીએ.

પ્રભુજીનું નીચ ગોત્ર કર્મ પૂર્ણ થયું તેથી જ પ્રભુને ત્યાંથી ઉચ્ચ કુળમાં લઇ જવાનો ઈન્દ્ર મહારાજાને વિચાર આવ્યો.

ઈન્દ્ર મહારાજાએ પોતાના પાયદળના સેનાપતિ હરિણૈગમેશી દેવને બોલાવ્યા. હરિણૈગમેશી દેવ આવીને હાજર થયા. સેવા ફરમાવવા જણાવ્યું. ત્યારે ઈન્દ્ર મહારાજે કહ્યું -''હે દેવાનુપ્રિય હરિણૈગમેષિદેવ ! અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો ક્યારેક શુદ્રકુળોમાં, અધમકુળોમાં, કૃપણકુળોમાં, તુચ્છકુળોમાં, દરિદ્રકુળોમાં, ભિક્ષુકકુળોમાં, બ્રાહ્મણકુળોમાં ગર્ભપણે આવ્યા છે, આવે છે અને આવશે પરંતુ તેઓ તેવા કુળોમાં જન્મ્યા નથી, જન્મશે નહીં એવા ઉત્તમ પુરુષોના જન્મ તો ઉગ્રકુળોમાં, ભોગકુળોમાં, રાજન્યકુળો વિગેરે ઉત્તમ જાતિ કુળવંશોમાં જ થયેલ છે, થાય છે, અને થશે. તો હે દેવાનુપ્રિય હરિણૈગમેષિન્ ! તું શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રના બ્રાહ્મણકુંડ ગ્રામ નગરમાં જઇ ત્યાં ૠષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાંથી લઇને ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં જઇ ત્યાં જ્ઞાતવંશના ક્ષત્રિયોમાં કાશ્યપ ગોત્રવાળા

ક્ષત્રિય સિદ્ધાર્થ રાજાની પત્ની વાસિષ્ટ ગોત્રવાળી ત્રિશલા રાણીના ઉદરમાં ગર્ભપણે સ્થાપિત કર અને ત્રિશલા ક્ષત્રિયાણીના પુત્રીરૂપ ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં મૂક. ઇન્દ્રોનો આ રીતે કરવાનો આચાર છે. તું જલ્દિ આ કાર્ય કરી આવ અને કામ કરી આવ્યાના મને સમાચાર આપ.''

ઇન્દ્રના આદેશને સાંભળીને હર્ષિત થયેલા સેનાપતિ હરિણૈગમેષિ દેવ ઇન્દ્રની આજ્ઞાને અંજલિ જોડી મસ્તકે ભમાડી વિનયથી સ્વીકારીને ઇશાન ખુણામાં આવે છે. ત્યાં વૈક્રિયસમુદ્‌ઘાતથી પોતાનું ઉત્તરવૈક્રિય રૂપ બનાવે છે. પછી પોતાની ઉત્કૃષ્ટ વિઘ્નવિનાશિની દિવ્ય દેવગતિથી નીચે ઉતરતો ઉતરતો તિર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોના મધ્ય મધ્ય ભાગોથી આવતો જ્યાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણ કુંડ ગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ઘરમાં તેની પત્ની દેવાનંદા બ્રાહ્મણી છે. ત્યાં આવીને અવસ્વાપિની નિદ્રા પરિવાર સહિત દેવાનંદાને આપીને પ્રભુને નમસ્કાર કરી અપવિત્ર પુદ્‌ગલોને દૂર કરી પવિત્ર પુદ્‌ગલોને ફેલાવે છે. (એ માટે જ આપણે જિનાલયમાં ધૂપ કરીએ છીએ. પ્રભુને સ્પર્શ કરતાં પહેલા પ્રત્યેક વસ્તુને ધૂપ કરીએ છીએ. રૂમાલ, ચંદન, પુષ્પ, વિગેરે પૂજા સામગ્રી) પછી 'ભગવાન મને આજ્ઞા આપો' એમ કહીને વિનયપૂર્વક પીડા રહિત એવા શ્રી વીરપ્રભુને પીડા ન થાય એ રીતે દિવ્ય પ્રભાવથી હાથમાં લઇને ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ઘરે ત્રિશલા ક્ષત્રિયાણી પાસે આવી પરિવાર સહિત ત્રિશલા ક્ષત્રિયાણીને અવસ્વાપિની નિદ્રા આપી અશુભ પુદ્‌ગલોને દૂર કરી શુભ પુદ્‌ગલોને ફેલાવી. સુગંધમય બનાવી પ્રભુને પીડા રહિત પણે દિવ્ય પ્રભાથી ત્રિશલાના ઉદરમાં ગર્ભપણે સ્થાપિત કરે છે અને ત્રિશલાના ગર્ભને લઇને દેવાનંદાના ગર્ભપણે સ્થાપિત કરે છે. પછી તે દેવ જે

દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ઉત્કૃષ્ટિ, દિવ્યગતિ વડે ઊંચે ઊંચે જતો સૌધર્મ દેવલોકમાં, સૌધર્મવતંસક વિમાનમાં શુક્ર સિંહાસન ઉપર બેઠેલા ઇન્દ્રને ‘આપની આજ્ઞા પ્રમાણે હું કાર્ય કરી આવ્યો છું.’’ એમ જણાવે છે.

અહિં પ્રશ્ન થાય છે કે એ સમયે અનેક સ્ત્રીઓ ગર્ભવતી હશે. ઇન્દ્રને દેવાનંદાના ગર્ભને ત્રિશલાના જ ગર્ભરૂપે મુકવાનો ભાવ કેમ જાગ્યો ? આ પણ કર્મસત્તાની કરામત છે. પૂર્વભવમાં ત્રિશલા ને દેવાનંદા દેરાણી-જેઠાણી હતા. બન્ને એક જ ઘરમાં સાથે રહેતા હતા. ત્રિશલાનો રત્નનો ડાબલો જેઠાણી દેવાનંદાએ ચોરી લીધો. દેરાણીએ શોધવા છતાં ન મળ્યો. જેઠાણી પાસે માગવા છતાં ન આપ્યો. ત્યારે બંધાયેલું કર્મ અહિં ઉદયમાં આવ્યું. તેથી ઇન્દ્રને દેવાનંદાના ગર્ભમાં આવેલા તીર્થંકરરૂપી રત્નને ત્રિશલાની કુક્ષિમાં મૂકવાનો વિચાર આવ્યો.

હવે જે રાત્રીએ હરિણૈગમેષિ દેવે દેવાનંદાની કુક્ષિમાંથી પ્રભુને ત્રિશલાની કુક્ષિમાં મૂક્યા તે રાત્રીએ દેવાનંદાએ પોતાના મહામંગલકારી ચૌદ મહાસ્વપ્નને ત્રિશલાએ હરણ કર્યા એવું સ્વપ્ન જોયું. ત્રિશલા ચૌદ મહાસ્વપ્ન જોઈને જાગી. એ મહામંગલકારી - કલ્યાણકારી, મનોહર, મહાસ્વપ્નો નીચે મુજબ છે -

(૧) સિંહ (૨) હાથી (૩) વૃષભ (૪) લક્ષ્મી (૫) પુષ્પની માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મ સરોવર (૧૧) સાગર/વહાણ (૧૨) દેવ વિમાન-ભવન (૧૩) રત્નસમૂહ અને (૧૪) નિર્ધૂમ અગ્નિ

ઋષભદેવની માતાએ પ્રથમ સ્વપ્નમાં વૃષભ જોયો છે.

મહાવીર સ્વામીની માતાએ પ્રથમ સ્વપ્નમાં સિંહને જોયો છે. બાકી બધા તીર્થંકરની માતાએ પ્રથમ સ્વપ્નમાં હાથી જોયો છે. ચૌદ મહાસ્વપ્નોના અર્થ એવં રહસ્યને આગળ વિચારીશું.